# Academic Year 2021-22

# Government Arts College, Kaparada
# સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા નિશાળ ફળિયા પાણીની ટાંકી પાસે તા.- કપરાડા જી.- વલસાડ, પિનકોડ નં. ૩૯૬ ૦૬૭ સ્થાપના વર્ષ ૨૦૧૨ ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org


# Extension Activities

| Sr.no. | Activities | Number of participated | Page no. |
|---|---|---|---|
| 1. | **Vaccination Programme** | 20 | 3-4 |
| 2. | **Vaccination Guidance Programme** | -- | 5-6 |
| 3. | **COVID-19 Vaccination Awareness Programme** | 92 | 7-8 |
| 4. | **Legal Education Seminar Under Samudaik Seva Dhara (Saptdhara)** | 85 | 9-10 |
| 5. | **Legal Camp on Women's Awareness under CWDC** | 71 | 11-12 |
| 6. | **Electoral Registration Camp** | 76 | 13-14 |
| 7. | **Vaccination Camp Under Samudaik Seva Dhara (Saptdhara)** | 23 | 15 |
| 8. | **Celebration of National Voter's Day Under Samudaik Seva Dhara (Saptdhara)** | 51 | 16-17 |
| 9. | **Women Counselling Programme under CWDC & EOC** | 93 | 18-19 |
| 10. | **Environment, Cleanliness, Water Conservation Awareness Programme under Panchprakalp** | 31 | 20 |
| 11. | **Awareness Programme on De-Addiction and Social Evils under Panchprakalp** | 43 | 21 |
| 12. | **Awareness Programme on Cow based Natural Farming under Panchprakalp** | 23 | 22 |
| 13. | **Awareness Programme on Corona Infection and Vaccination under Panchprakalp** | 33 | 23 |
| 14. | **Fit India (2 Km Race and Cricket Match) Programme under Panchprakalp** | 69 | 24-25 |
| 15. | **Discussion on Contribution of Freedom Fighters and their Biography Programme under Panchprakalp** | 40 | 26 |
| 16. | **N.S.S ANNUAL SPECIAL CAMP 2021-22** | 50 | 27-31 |

**Name of Activity : - Vaccination Programme in Collaboration with PHC, Dabkhal**

**Date : - 1/7/2021**

**Government Arts College,Kaparada**

**સરકારી વિનયન કોલેજ, કપરાડા**

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડપિનકોડ નં. ૩૯૬ ૦૬૭,
સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org

GACK/ 2021/ કોવિડ-19/રસીકરણ/292 DATE: 02/07/2021

કોવિડ- 19 રસીકરણ અંગે વિદ્યાર્થીઓ માટે અગત્યની સૂચના

તા.01/07/2021 ના રોજ તાલુકા હેલ્થ સેન્ટર, કપરાડા તેમજ સરકારી વિનયન કોલેજ, કપરાડાના સંયુક્ત ઉપક્રમે રસીકરણ કેમ્પનું કોલેજ ખાતે આયોજન કરેલ. જેમા મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનો, કર્મચારીશ્રીઓ તેમજ ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ અને રસી મુકાવેલ. રસી મુકાવનાર દરેક ભાઈ - બહેનને ખૂબ - ખૂબ અભિનંદન.

સરકારશ્રી તેમજ યુનિવર્સિટીની ગાઈડલાઈન મુજબ કોલેજમાં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીએ રસી મુકાવી ફરજિયાત છે. જે વિદ્યાર્થી ભાઈ - બહેનોએ રસી ન લીધેલ હોય તેઓએ કપરાડા ગ્રામ પંચાયત કચેરી જઈ રસી લેવાની રહેશે. આ અંગે શ્રી હિતેશભાઈ પટેલ સાહેબ હેલ્થ ઈન્સપેક્ટરશ્રી નું 9974237642 ઉપર સંપર્ક કરવાનું રહેશે. રસી મુક્યા પછી તે અંગેનું સર્ટિફિકેટ કોલેજ N.S.S પ્રોગ્રામ ઓફિસરશ્રી સંદીપકુમાર ટંડેલ સાહેબને Whatsapp No. 9974171008 પર અચૂક મોકલવું.

તા.02/07/2021

સ્થળ: કપરાડા

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.



દમણગંગા ન્યૂઝ ૦૪/૦૭/૨૦૨૧

# કપરાડા આટર્સ કોલેજમાં રસીકરણ

કપરાડા, તા. ૦૪ : કપરાડા તાલુકા મથકે ચાલતી સરકારી વિનયન કોલેજ એન એસ.એસ વિભાગ અને આરોગ્ય કેન્દ્ર ના સંયુક્ત ઉપક્રમે કોરોના વિરોધી રસીકરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કોલેજના સ્ટાફ, વિદ્યાર્થીઓ અને ગ્રામજનોના સહયોગથી કુલ ૫૮ લોકોનું રસીકરણ કરવા માં આવ્યું હતું. આ કાર્યકર કોલેજ ના આચાર્ય ડૉ. ડી. એન. દેવરીનાં માર્ગદર્શન હેઠળ યોજાયો હતો અને વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને રસીકરણ અંગે માર્ગદર્શન આપી જાગૃત કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમમાં કોલેજ સ્ટાફ, આરોગ્ય વિભાગના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## Vaccination Programme in Collaboration with PHC, Dabkhal









**Name of Activity : - Vaccination Guidance Programme in Collaboration with PHC, Dabkhal**

**Date : - 14/7/2021**

સરકાર ...યન કોલેજ, કપરાડા
જાવક નં. : સ.વિ.કો.ક./322
તારીખ : 16.7.2021

# સરકારી વિનયન કોલેજ, કપરાડા

# જિ. વલસાડ

શૈક્ષણિક વર્ષ- ૨૦૨૧-૨૨

## માર્ગદર્શન કાર્યક્રમ અહેવાલ

તા. ૧૪.૦૭.૨૦૨૧

સંભવિત કોવિડ-૧૯ની ત્રીજી લહેર જે ૧૮ વર્ષથી નીચેના વયના બાળકો માટેની સેવાઇ રહી છે, તેની પૂર્વ સાવચેતીના ભાગ રૂપે તા. ૧૪.૦૭.૨૦૨૧ના રોજ કપરાડાના મૂળગામ ખાતે સરકારી વિનયન કોલેજ, કપરાડાના N.S.S. વિભાગ અને આરોગ્ય કેન્દ્ર કપરાડાના સંયુક્ત ઉપક્રમે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમારી કોલેજના N.S.S.ના સ્વયંસેવકો અને આરોગ્ય વિભાગના સેનેટરી ઇન્સ્પેકટરશ્રી હિતેશભાઇ પટેલ દ્વારા બાળકોને કોવિડ-૧૯ના લક્ષણો જણાય તો નજીકના આરોગ્ય કેન્દ્રમાં તાત્કાલિક સંપર્ક કરવો, અને યોગ્ય ઉપચાર કરાવવો તેમજ રોજિંદા કામોમાં સામાજીક અંતર, માસ્ક પેહરવું, હાથોને વારંવાર સાબુથી/સેનિટાઇઝરથી સાફ કરવા જેવી કોવિડ-૧૯ અંગેની બાબતોનું માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમજ પોતાના વાલીઓ તેમની અને કુટુંબની સલામતી માટે કોવિડ-૧૯ની રસી લે તેવું સુચન કરવામાં આવ્યું.

N.S.S. Programme Officer
Govt. Arts College, Kaparada,
Ta. Kaparada, Dist. Valsad

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.



## Vaccination Guidance Programme in Collaboration with PHC, Dabkhal



**Name of Activity** : - **Covid-19 Vaccination Awareness Programme in Collaboration with PHC, Dabkhal**

**Date** : - **16/9/2021**

# સરકારી વિનયન કોલેજ, કપરાડા.

તા. કપરાડા જિ. વલસાડ

સરકારી વિનયન કોલેજ
કપરાડા, જી.વલસાડ.
આવક નં. 146
તારીખ 21/9/21

કોરોના રસીકરણ જાગૃતિ કાર્યક્રમ અહેવાલ

તા.૧૬.૦૯.૨૦૨૧

તા. ૧૬મી સપ્તેમ્બરના રોજ સરકારી વિનયન કોલેજ, કપરાડા ખાતે આરોગ્ય કેન્દ્ર કપરાડા અને સરકારી વિનયન કોલેજ, કપરાડાના સંયુક્ત ઉપક્રમે કોરોના રસીકરણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આરોગ્ય કેન્દ્ર કપરાડાના સેનેટરી ઇન્સ્પેકટર શ્રી હિતેશભાઇ પટેલ, પી.એચ.સી. દાબખલના મલ્ટી હેલ્થ સુપરવાઇઝર શ્રી પિયુષ પટેલ અને ફિમેલ હેલ્થ સુપરવાઇઝર શ્રીમતી ઉષાબેન પટેલ તેમજ કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી.એન.દેવરી અને સમગ્ર શૈક્ષણિક અને બીનશૈક્ષણિક સ્ટાફ પણ હાજર રહ્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીઓને કોરોના રસીકરણ અંગે જાગૃત રહી સમય સર રસીકરણ કરાવી પોતાનું અને પોતાના પરીવારની સુરક્ષિત કરવા જણાવ્યું હતું. આરોગ્ય કેન્દ્ર કપરાડાના સેનેટરી ઇન્સ્પેકટરશ્રી હિતેશભાઇ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને રસી વિશેના ફાયદાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી. જેમાં રસી લેવાથી આપણા શરીરની અંદર કેવા પ્રકારની રોગ પ્રતિકારક શક્તિ બને છે, જે કોવિડ-૧૯ વાયરસ સામે કેટલો પ્રતિકારક્તા ધરાવે છે, એ અંગે માહિતી આપવામાં આવી. ભારત દેશમાં તેમજ વિશ્વના બીજા દેશોમાં કેટલા ટકા રસીકરણ થયેલ છે, તે અંગેની આંકડાકીય માહિતી પણ આપવામાં આવી. રસી લીધા પછી પણ આપણે સેનેટાઇઝરનો ઉપયોગ, વારંવાર સાબૂથી હાથ ધોવા, સામાજીક અંતર અને માસ્ક અવશ્ય પહેરવું જેવી અગત્યની સુચના આપવામાં આવી. ત્યારબાદ દાબખલ પી.એચ.સી.થી પધારેલ ફિમેલ હેલ્થ સુપરવાઇઝર શ્રીમતી ઉષાબેન પટેલે વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું કે કોરોનાથી બચવા માટેનો એક જ ઇલાજ છે, 'રસીકરણ'. દરેક વ્યક્તિએ પોતાની જવાબદારી સમજીને રસી લેં તો કોરોના સામે આપણે આપણી જાતને, સમાજને દેશને બચાવી શકીશું. ત્યારબાદ પી.એચ.સી. દાબખલથી આવેલ મલ્ટી હેલ્થ સુપરવાઇઝરશ્રી પિયુષભાઇ પટેલે કહ્યું કે કોરોના સામે રક્ષણ માટે આપણેતો રસી લેવાની જ છે, પરંતુ આપણા ઘરના દરેક સભ્ય આપણા પડોશી તેમજ આપણા ગામમાં પણ દરેક રસી લે તેવા પ્રયત્નો કરી દરેકને પ્રોત્સાહીત કરી વધુમાં વધુ રસીકરણ થાય તે સુનિશ્ચિત કરવાનું છે. અને આવનાર કોરોનાની ત્રીજી લહેરને માત આપવાની છે.

અંતે આભારવિધી માટે કોલેજના હિન્દી વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. પી.બી.કુરકુટીઆ સાહેબે પધારેલ તમામ મહેમાનનો આભાર માની રાષ્ટ્રગીત ગાયને કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.

Govt. Arts College-Kaparada · Dist. Valsad

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

GOVERNMENT ARTS COLLEGE, KAPARADA,
TA – KAPARADA, DIST – VALSAD

શૈક્ષણિક વર્ષ-2021-22

રસીકરણ માર્ગદર્શન કાર્યક્રમ

Date: 16/09/2021







Govt. Arts College-Kaprada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada. Dist. Valsad.

**Name of Activity : - Legal Education Seminar**

**Date : - 5/10/2021**

Government Arts College, Kaparada
સરકારી વિનયન કોલેજ, કપરાડા
મુ.પો.- કપરાડા નિશાળ ફળિયા પાણીની ટાંકી પાસે તા.- કપરાડા જી.- વલસાડ, પિનકોડ નં. ૩૯૬ ૦૬૭ સ્થાપના વર્ષ ૨૦૧૨ ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org

GACK/2021/

DATE: 07/10/2021

આઝાદી કા અમૃત મહોત્સવ' કાર્યક્રમ અંતર્ગત
'કાનૂની શિક્ષણ શિબિર' સેમિનારનો અહેવાલ.

તા.05/10/2021

તા.05/10/2021 ના રોજ સરકારી વિનયન કોલેજ, કપરાડા ખાતે સિવિલ કોર્ટ કપરાડા અને સામુદાયિક સેવાધારાના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'આઝાદી કા અમૃત મહોત્સવ' સેમિનારના અંતર્ગત 'કાનૂની શિક્ષણ શિબિર'નું કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત ગણેશ વંદનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ કોલેજના પ્રાધ્યાપક શ્રી દિપકકુમાર પટેલે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત અને પરિચય કરાવ્યો. ઉપસ્થિત મહેમાનોમાં કપરાડા સિવિલ કોર્ટના એડવોકેટશ્રી પી. જી. પટેલ સાહેબે 'કાનૂની સેવા સમિતિ'નો પરિચય આપ્યો હતો. કાનૂની સેવા વિશે માર્ગદર્શન આપ્યું. હતું. ત્યારબાદ એડવોકેટશ્રી અલ્પેક્ષાબેન આર. પટેલે વર્તમાન સમયમાં ઓનલાઈન બનતો ગુનો 'સાઈબરક્રાઈમ' વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. કાર્યક્રમના અંતમાં કોલેજના આચાર્યશ્રીએ કાર્યક્રમને અનુરૂપ વકતવ્ય આપ્યું હતું. અને કોર્ટની કામગીરી વિદ્યાર્થીઓ સમજે એ માટે કોર્ટની મુલાકાત યોજવાની વાતો કરી. ત્યારબાદ કોલેજમાં કાનૂની માર્ગદર્શન સેમિનાર યોજવા માટે સિવિલ કોર્ટ જજસાહેબ અને કોર્ટ સ્ટાફનો આભાર માની વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં કોર્ટ સ્ટાફમાંથી 7 એડવોકેટશ્રીઓ હાજર રહ્યા હતા. કોલેજમાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ કુલ 11 સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં કુલ 125 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સમગ્ર સેમિનારમાં સૂત્રધાર તરીકેની કામગીરી પ્રા. શ્રી. ડૉ. પી. બી. કુરકુટિયા સાહેબે કરી હતી.

કાર્યક્રમનાં અંતમાં આભારવિધિ પ્રા. ડૉ કે. જી. ગામીતે કરી. રાષ્ટ્રગાન બાદ કાર્યક્રમની પુર્ણાહુતી જાહેર કરવામાં આવી.

College-Kaparada * Dist. Valsad

સરકાર વિનયન કોલેજ
કપરાડા., જી.વલસાડ.
આવક નં. 165
તારીખ 7/10/2021

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

GOVERNMENT ARTS COLLEGE, KAPARADA,
TA – KAPARADA, DIST – VALSAD

શૈક્ષણિક વર્ષ-2021-22

સીવીલ કોર્ટ, કપરાડા અને સામુદાયિક સેવાધારાના
સંયુક્ત ઉપક્રમે આયોજીત 'આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ'
અંતર્ગત કાનૂની શિક્ષણ શિબિર

Date: 05/10/2021






Govt. Arts College-Kaprada
* Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

**Name of Activity : - Legal Camp on Women's in collaboration with Civil Court, Kaparada**

**Date : - 30/10/2021**

2021-22

## CWDC શાખા અંતર્ગત 'મહિલા જાગૃતિ કાનૂની શિબિર'

સરકાર વિનયન કોલેજ
કપરાડા.. જી.વલસાડ.
આવક નં. 116
તારીખ 30/10/2021

### કાર્યક્રમનો અહેવાલ

તા.30/10/2021

તા. 30/10/2021 ના રોજ સરકારી વિનયન કોલેજ કપરાડા ખાતે, CWDC શાખા અંતર્ગત 'મહિલા જાગૃતિ કાનૂની શિબિર' નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના વક્તા તરીકે સિવિલ કોર્ટ કપરાડા ખાતેથી ચાર એડવોકેટ બહેનો માર્ગદર્શકની ભૂમિકામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થયા બાદ, કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબે કાર્યક્રમને અનુલક્ષીને બે શબ્દો કહ્યા. શિબિરની શરૂઆત એડવોકેટ વિભાબેન પટેલના વક્તવ્યથી થઈ. ત્યારબાદ ક્રમશ:એડવોકેટ ઉર્વીશાબેન ગાયવાડ, એડવોકેટ શીતલબેન પટેલ અને એડવોકેટ અલ્પેક્ષાબેન પટેલે પોતાનું વક્તવ્ય રજુ કર્યું હતું. બહેનોને કાયદાકીય હકો, ફરજો, થતા અત્યાચારોથી રક્ષણ કઈ રીતે મળી રહે તે અંગે સવિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું.

સંપૂર્ણ કાર્યક્રમ દરમિયાન કોલજ પરિવારની મોટાભાગની વિદ્યાર્થીનીઓએ પોતાની સક્રીય હાજરી નોંધાવી હતી. સંપૂર્ણ કાર્યક્રમનું સફળ સંચાલન ટી.વાઈ.બી.એ. ની વિદ્યાર્થીની લતાબેન ધુમ દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમની આભારવિધી પ્રા. રશ્મિતા એલ રાઠોડ દ્વારા થઈ. આમ રાષ્ટ્રગાન બાદ કાર્યક્રમની પૂર્ણાહુતી જાહેર કરવામાં આવી હતી.

Govt. Arts College-Kaprada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

# Legal Camp on Women's Awareness Under CWDC in collaboration with Civil Court Kaparada

GOVERNMENT ARTS COLLEGE, KAPARADA,
TA – KAPARADA, DIST – VALSAD
શૈક્ષણિક વર્ષ-2021-22
CWDC શાખા અંતર્ગત
"મહિલા જાગૃતિ કાનૂની શિબિર"

Date: 30/10/2021







Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

# સરકારી વિનયન કોલેજ, કપરાડા

રાષ્ટ્રીય સેવાયોજના અંતર્ગત

મતદાન નોંધણી કેમ્પનો અહેવાલ

સરકારી વિનયન કોલેજ, કપરાડા
જાવક નં. : સ.વિ.કો.ક./૨૦૨૧-૨૨/
તારીખ : ૨૩/૧૧/૨૦૨૧. ૧૨૩

23/11/2021

રાષ્ટ્રીય સેવા યોજના, સરકારી વિનયન કોલેજ, કપરાડા તેમજ મામલતદાર અને એક્ઝીક્યુટિવ મેજિસ્ટ્રેટશ્રી, કપરાડાની કચેરીના સંયુક્ત ઉપક્રમે મતદાન નોંધણી કેમ્પનું તા.23/11/2021 ના રોજ આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત અને સૂત્રસંચાલન એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર શ્રી સંદિપભાઈ ટંડેલ દ્વારા કરવામાં આવ્યું.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી સંદિપભાઈ ટંડેલે કાર્યક્રમની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરતા, પધારેલા મહેમાન અધિકારીશ્રીઓનો શાબ્દિક પરિચય અને સ્વાગત કર્યું. ત્યારબાદ કપરાડા તાલુકાના મામલતદાર, શ્રી યોગેન્દ્ર રાણા સાહેબ દ્વારા મતદાર કાર્ડનું મહત્વ, મતદાર હોવાના ફાયદા, નોંધણી અંગેની વેબસાઈટ વિષે વિગતે માહિતી આપવામાં આવી. તેમજ ફોર્મ નંબર 6, 7, 8 અને 8ક વિષેની વિગતે ચર્ચા તેમજ કયા સંજોગોમાં કયું ફોર્મ ભરવામાં આવે તે વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું.

કપરાડાના નાયબ મામલતદાર શ્રી ગઢવી સાહેબ દ્વારા પણ વોટર હેલ્પલાઈન એપ તેમજ વોટર આઈડી કાર્ડનું મહત્વ સમજાવવામાં આવ્યું. ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓને ફોર્મનું વિતરણ કરી, તે ભરવા અંગેની સ્પષ્ટ સૂચનાઓ આપી શુભેચ્છાઓ પાઠવી. મામલતદાર સાહેબશ્રીએ વિદ્યાર્થિઓ દ્વારા ભરેલ ફોર્મ સ્વીકારવાની જવાબદારી કોલેજના કેમ્પસ એમ્બેસેડર કાંચરા દિપેશભાઇ રાજુભાઇ અને નિકુળિયા પન્નાબેન રમેશભાઇને સોંપી હતી. ત્યારબાદ કોલેજના આચાર્યશ્રી દ્વારા કાર્યક્રમની પૂર્ણાહુતી જાહેર કરવામાં આવી.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોલેજ પરિવારના તમામ શૈક્ષણિક-બીનશૈક્ષણિક કર્મચારીઓ સહિત કુલ 78 વિદ્યાર્થીઓએ પોતાની હાજરી નોંધાવી. જેમાં 45 વિદ્યાર્થીઓએ મતદાર તરીકે નોંધણી કરાવેલ.

Govt. Arts College-Kaparada * Dist.Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

# કપરાડા આર્ટસ કોલેજમાં એનએસએસ દ્વારા મતદાન નોંધણી કેમ્પ યોજાયો



(દ.ગં.ટા. પ્રતિનિધિ)

**કપરાડા.તા.૨૩ :** રાષ્ટ્રીય સેવા યોજના, સરકારી વિનયન કોલેજ, કપરાડા તેમજ મામલતદાર અને એક્ઝીક્યુટિવ મેજિસ્ટ્રેટ, કપરાડાની કચેરીના સંયુક્ત ઉપક્રમે મતદાન નોંધણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત અને સૂત્રસંચાલન એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર સંદિપભાઈ ટંડેલ દ્વારા કરવામાં આવ્યું.

કાર્યક્રમની શરૂઆતમાં સંદિપભાઈ ટંડેલે કાર્યક્રમની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરતા, પધારેલા મહેમાન અધિકારીશ્રીઓનો શાબ્દિક પરિચય અને સ્વાગત કર્યું. ત્યારબાદ કપરાડા તાલુકાના મામલતદાર, યોગેન્દ્ર રાણા સાહેબ દ્વારા મતદાર કાર્ડનું મહત્વ, મતદાર હોવાના ફાયદા, નોંધણી અંગેની વેબસાઈટ વિષે વિગતે માહિતી આપવામાં આવી. તેમજ ફોર્મ નંબર ૬, ૭,૮ અને ૮ ક વિષેની વિગતે ચર્ચા તેમજ કયા સંજોગોમાં કયું ફોર્મ ભરવામાં આવે તે વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું.

કપરાડાના નાયબ મામલતદાર શ્રી ગૌરવભાઈ ગઢવી સાહેબ દ્વારા પણ વોટર હેલ્પલાઈન એપ તેમજ વોટર આઈડી કાર્ડનું મહત્વ સમજાવવામાં આવ્યું અને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી. ત્યારબાદ કોલેજના આચાર્ય દ્વારા કાર્યક્રમની પૂર્ણાહુતી જાહેર કરવામાં આવી.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોલેજ પરિવારના તમામ શૈક્ષણિક-બીનશૈક્ષણિક કર્મચારીઓ સહિત કુલ ૭૮ વિદ્યાર્થીઓએ પોતાની હાજરી નોંધાવી. જેમાં ૪૫ વિદ્યાર્થીઓએ મતદાર તરીકે નોંધણી કરાવી હતી.

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

# સરકારી વિનયન કોલેજ, કપરાડા

## મતદાર નોંધણી કેમ્પ

તા. ૨૩.૧૧.૨૦૨૧






**Name of Activity : - Vaccination Camp in Collaboration with THO, Dabkhal**

**Date : - 5/1/2022**



# સરકારી વિનયન કૉલેજ, કપરાડા

સરકારી વિનયન કોલેજ
કપરાડ., જી.વલસાડ.
આવક નં. ...03......
તારીખ .05./01./2022

## સપ્તધારાની સેવા - સમુદાય ધારા અંતર્ગત

### રસીકરણ કેમ્પનો અહેવાલ

તા. ૦૫/૦૧/૨૦૨૨

સરકારશ્રીના આદેશ અનુસાર ૧૫ થી ૧૮ વયના સ્કુલો/કૉલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સપ્તધારાની સેવા-સમુદાય ધારા અંતર્ગત કૉલેજ કક્ષાએ રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કપરાડા તાલુકા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને રસી આપવામાં આવી હતી. કૉલેજમાં અભ્યાસ કરતા ૧૮ વયની નીચેના ૨૩ વિદ્યાર્થીઓને રસી મુકવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. ડી.એન. દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેવા-સમુદાય ધારાના કૉડિનેટરશ્રી પી.બી.કુરકુટિયાઅને કો. કૉડિનેટરશ્રી સંદિપકુમાર એન. ટંડેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

Govt. Arts College-Kaparada * Dist. Valsad

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.



**Name of Activity : - Celebration of National Voter's Day in Collaboration with Mamlatdar Office, Kaparada**

**Date : - 25/1/2022**

# સરકારી વિનયન કોલેજ, કપરાડા તા. કપરાડા જિ. વલસાડ

## 'રાષ્ટ્રીય મતદાતા દિવસ' ઉજવણીનો અહેવાલ

Govt. Arts College, Kaparada
Inward No. : GACK/2022/26
Date : 27-01-2022

તા.૨૭/૦૧/૨૦૨૨

તા. 25/01/2022 ના રોજ અત્રેની સરકારી વિનયન કોલેજ અને મામલદારશ્રીની કચેરી, કપરાડાના સંયુક્ત ઉપક્રમે ' મતદાર સાક્ષરતા ક્લબ" અંતર્ગત 'રાષ્ટ્રીય મતદાતા દિવસ' ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં મામલદારશ્રીની કચેરીથી મામલતદારશ્રી યોગેન્દ્ર અમૃતલાલ રાણા અને નાયબ મામલદારશ્રી ગૌરાંગભાઈ ગઢવી સાહેબ કોલેજમાં મહેમાનશ્રી તરીકે પધારી કાર્યક્રમની શોભા વધારી હતી. કૉલેજના આચાર્યશ્રી, અધ્યાપકગણ, કેમ્પસ એમ્બેસેડર અને 51 વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત કોલેજની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થનાથી કરી હતી ત્યારબાદ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત અધ્યાપકશ્રી. દિપકકુમારે કર્યું. ત્યારબાદ આચાર્યશ્રી તથા મતદાર સાક્ષરતા ક્લબના કન્વીનર શ્રી.સંદિપકુમારે પધારેલ મહેમાનશ્રીઓનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યુ હતું. ત્યાર બાદ તા. 12/01/2022થી આયોજીત વિવિધ સ્પર્ધાના વિજેતાઓને કોલેજમાં આયોજીત વિવિધ સ્પર્ધાઓ - (1)વકતૃત્વ સ્પર્ધાના 1. ધૂમ કુંતાબેન આર. 2. ભંવર દિનલબેન ડી. (2) પોસ્ટર મેકિંગ સ્પર્ધાના (1) સોનાર મિતેશભાઈ એન. (2) ભોયા આનંદભાઈ એસ. (3) ગૃપ ચર્ચા સ્પર્ધાના ગૃપ - Aના (1) સોનાર મિતેશભાઈ (2) કાંચરા દીપેશભાઈ આર. (3) ભોયા આનંદભાઈ એસ.,ગ્રુપ- Cના (1) ધુટિયા યોગેશભાઈ એલ (2) દિવા વિજયભાઇ જી. (3) ગાંવિત મનોજભાઇ વી. આ તમામ વિજેતા વિદ્યાર્થીઓને મામલતદારશ્રી,નાયબ મામલતદારશ્રી,આચાર્યશ્રી અને શ્રી. સંદિપકુમાર ટંડેલ સાહેબશ્રીઓએ ટ્રોફી એનાયત કરી તેમણે પ્રોત્સાહિત કરાયા હતા.

ઈનામ વિતરણ કાર્યક્રમ બાદ ઉપસ્થિત મહેમાનશ્રી ગૌરાંગભાઈ ગઢવીએ રાષ્ટ્રીય મતદાતા દિવસ અગે પોતાનું વક્તવ્ય આપ્યું હતું. અને કૉલેજના આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબએ પસંગોચિત પ્રવચન આપી વિદ્યાર્થીઓને પોતાના મતાધિકાર અને કર્તવ્યનું પાલન કરવાનું સૂચન કર્યું હતું. ત્યાર બાદ ડૉ. પ્રફુલ્લભાઈ કુરકુટિયાએ પણ આ દિન નિમિત્તે પોતાના વિચારો રજૂ કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ના શપથ ઉપસ્થિત સૌને લેવડાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના અંતે ડૉ. મેઘનાબેન ધારણેએ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કર્યો . ત્યાર બાદ સૌએ રાષ્ટ્રગાન કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી હતી.

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

Govt. Arts College-Kaprada * Dist. Valsad *


REDMI NOTE 8
JADAV RAMESH
2022/1/25 12:08


આપનો મત આપનો અધિકાર
181 - કપરાડા વિધાનસભા
REDMI NOTE 8
JADAV RAMESH
2022/1/25 12:14


રાષ્ટ્રીય મતદાતા દિવસ - ૨૦૨૨
ઉજવણી કાર્યક્રમ
REDMI NOTE 8
JADAV RAMESH
2022/1/25 11:59

**Name of Activity** :- **Women Counselling Programme in Collaboration with CHC, Kaparada Kaparada**

**Date** :- **31/1/2022**

2021-22

સરકારી વિનયન કોલેજ
કપરાડા, જી.વલસાડ.
આવક નં. 30
તારીખ 01-02-2022

# સરકારી વિનયન કોલેજ, કપરાડા તા.કપરાડા જી. વલસાડ

## મહિલા કાઉન્સેલિંગ કાર્યક્રમનો અહેવાલ

તા.31/01/2022

તા. 31/01/2022 ના રોજ સરકારી વિનયન કોલેજ, કપરાડા ખાતે આચાર્યશ્રીની અધ્યક્ષતામાં 'CWDC શાખા' અને 'equal opportunity cell' અંતર્ગત 'મહિલા કાઉન્સેલિંગ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે કપરાડા CHC ખાતેથી એડોલેશન્ટ કાઉન્સેલર મયુરીબેન કનકસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા. જેમણે સરકારી વિનયન કોલેજ, કપરાડાની વિધાર્થીનીઓને કાઉન્સેલિગ પુરૂ પાડયું. જ્યારે 'ચાઈલ્ડ હેલ્પલાઈન' વલસાડ ખાતેથી શ્રી છોટુભાઈ વડાલીએ વિદ્યાર્થીઓનું કાઉન્સેલિગ કર્યું. ત્યારબાદ બન્ને કાઉન્સેલરોએ વક્તાની ભૂમિકાઅ ભજવી. બંને વક્તાશ્રીઓએ ખુબજ વિસ્તૃત અને રસપ્રદ માહિતી વિદ્યાર્થીઓને અસરકારક રીતે રજુ કરી. આમ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો નું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું.

સંપૂર્ણ કાર્યક્રમનું સફળ સૂત્ર સંચાલન નિકુળિયા પન્નાબેન દ્વારા કરવામાં આવ્યું. વક્તાઓના વક્તવ્ય બાદ સંસ્થાના આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબે પ્રાસંગોચિત પ્રવચન રજુ કર્યું. કાર્યક્રમની આભારવિધિ 'CWDC' કન્વિનર ડૉ. મેધના ધારણે દ્વારા કરવામાં આવી. સંપૂર્ણ કાર્યક્રમ દરમિયાન સંસ્થાના કુલ 107 સદસ્યોએ પોતાની સહભાગીદારી નોંધાવી.

આમ સરકારી વિનયન કોલેજ, કપરાડા 'ખાતે 'મહિલા કાઉન્સેલિંગ' કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.


REDMI NOTE 8
JADAV RAMESH
2022/1/31 10:51


REDMI NOTE 8
JADAV RAMESH
2022/1/31 10:52

**Name of Activity : - Environment, Cleanliness, Water Conservation Awareness Programme**
**Date : - 5/2/2022**

# સરકારી વિનયન કોલેજ , કપરાડા , જિ:- વલસાડ

સરકારી વિનયન કોલેજ
કપરાડા, જી.વલસાડ.
આવક નં. 38
તારીખ 10-02-2022

## પંચપ્રકલ્પ અંતર્ગત "પર્યાવરણ ,સ્વચ્છતા , જળસંચય"

## અંગે જનજાગૃતિ કાર્યક્રમ

ગામ:- માંડવા

તારીખ :-05 /02/2022

સરકારી વિનયન કોલેજ, કપરાડા દ્વારા તા:- 05/02/2022 ના રોજ કપરાડા તાલુકાનામાંડવા ગામમાં પંચપ્રકલ્પ અંતર્ગત "પર્યાવરણ ,સ્વચ્છતા , જળસંચય" અંગે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમનું આયોજન પ્રાથમિક શાળા માંડવા પરિસરમાં કરવામાં આવ્યું. જેમાં કોલેજના અધ્યાપકો શ્રી દિપકભાઇ વી. પટેલ અને ડો.મેઘના ધારણે દ્વારા સબંધિત વિષય અનુલક્ષીને વક્તવ્ય આપવામાં આવ્યા. અંતમાં પ્રાથમિક શાળા માંડવાના આચાર્યશ્રી રાજેશભાઇ પટેલે વાલીઓ સબંધિત વિષય પર ધ્યાન આપે એવી અપીલ કરી. આ કાર્યક્રમમાં કુલ 30 જેટલા લોકોએ ભાગ લીધો. સમગ્ર કાર્યક્રમનું આયોજન"પર્યાવરણ ,સ્વચ્છતા , જળસંચય" પ્રકલ્પના કોર્ડિનેટર ડો. મેઘના ધારણે દ્વારા કોલેજના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

કોર્ડિનેટર

Govt. Arts College-Kaprada * Dist. Valsad

આચાર્યશ્રી
Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.



**Name of Activity : - Awareness Programme on De-addiction and Social evils**

**Date : - 8/2/2022**

સરકારી વિનયન કોલેજ , કપરાડા , જિ:- વલસાડ

પંચપ્રકલ્પ અંતર્ગત "નશાબંધી તેમજ કુરિવાજ નિવારણ( દહેજપ્રથા તેમજ ભૃણ હત્યા નિવારણ)

અંગે જનજાગૃતિ કાર્યક્રમ

સરકારી વિનયન કોલેજ
કપરાડા.. જી.વલસાડ.
આવક નં. ...39........
તારીખ ...10-02-2022

ગામ:- કાજલી

તારીખ :-08/02/2022

સરકારી વિનયન કોલેજ , કપરાડા દ્વારા તા:- 08/02/2022 ના રોજ કપરાડા તાલુકાના કાજલી ગામમાં પંચપ્રકલ્પ અંતર્ગત "નશાબંધી તેમજ કુરિવાજ નિવારણ( દહેજપ્રથા અને ભૃણ હત્યા નિવારણ) અંગે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમનું આયોજન ગ્રામપંચાયત કાજલીના પરિસરમાં કરવામાં આવ્યું. જેમાં કોલેજના અધ્યાપકો શ્રી દિપકભાઇ વી. પટેલ , શ્રી મનોજભાઇ પી. પટેલ અને ડો.મેઘના ધારણે દ્વારા સબંધિત વિષય અનુલક્ષીને વક્તવ્ય આપવામાં આવ્યા. અંતમાં કાજલી ગામના સરપંચશ્રી કલ્પેશભાઇ પટેલે વાલીઓ સબંધિત વિષય પર ધ્યાન આપે એવી અપીલ કરી. આ કાર્યક્રમમાં ગ્રામપંચાયત સભ્યો , કાજલી પ્રાથમિક શાળાના શિક્ષકો અને ગામલોકો મળી કુલ 45 જેટલા લોકોએ ભાગ લીધો. સમગ્ર કાર્યક્રમનું આયોજન "નશાબંધી તેમજ કુરિવાજ નિવારણ( દહેજપ્રથા તેમજ ભૃણ હત્યા નિવારણ) પ્રકલ્પના કોડિનેટર શ્રી દિપકભાઇ દ્વારા કોલેજના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

કોડિનેટર

આચાર્યશ્રી

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.



**Name of Activity : - Awareness Programme on Cow base Natural Farming**
**Date : - 8/2/2022**

સરકારી વિનયન કોલેજ , કપરાડા , જિ:- વલસાડ

પંચપ્રકલ્પ અંતર્ગત "ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી"

અંગે જનજાગૃતિ કાર્યક્રમ

સરકારી વિનયન કોલેજ
કપરાડા., જી.વલસાડ.
આવક નં. 40
તારીખ 10-02-2022

ગામ:- બાબરખડક

તારીખ :-08/02/2022

સરકારી વિનયન કોલેજ , કપરાડા દ્વારા તા:- 08/02/2022 ના રોજ કપરાડા તાલુકાના બાબરખડક ગામમાં પંચપ્રકલ્પ અંતર્ગત ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અંગે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કોલેજના અધ્યાપકો શ્રી મનોજભાઇ પી. પટેલ અને શ્રી દિપકભાઇ વી. પટેલે ગામના ઘરોની મુલાકાત લઇ ગામલોકોને સબંધિત વિષય અનુલક્ષીને જાગૃત કર્યા. આ કાર્યક્રમમાં કુલ 25 જેટલા લોકોએ ભાગ લીધો. સમગ્ર કાર્યક્રમનું આયોજન"ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીપ્રકલ્પના કોર્ડિનેટર શ્રી મનોજભાઇ પટેલ દ્વારા કોલેજના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

કોર્ડિનેટર
(M.P.Patel)

Govt. Arts College-Kaprada * Dist. Valsad *

આચાર્યશ્રી
Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.



**Name of Activity : - Awareness Programme on Corona Infection and Vaccination**

**Date : - 10/2/2022**



સરકારી વિનયન કોલેજ , કપરાડા , જિ:- વલસાડ

પંચપ્રકલ્પ અંતર્ગત "કોરોના સંક્રમણ અને રસીકરણ અંગે જનજાગૃતિ "

કાર્યક્રમ

ગામ:- ચાંદવેંગણ

તારીખ :-10/02/2022

સરકારી વિનયન કોલેજ, કપરાડા દ્વારા તા:- 10/02/2022 ના રોજ કપરાડા તાલુકાના ચાંદવેંગણ ગામમાં પંચપ્રકલ્પ અંતર્ગત "કોરોના સંક્રમણ અને રસીકરણ અંગે જનજાગૃતિ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમનું આયોજન ચાંદવેંગણ ગામના પંચાયત પરિસરમાં કરવામાં આવ્યું. જેમાં કોલેજના અધ્યાપક ડૉ. પ્રફુલ્લભાઈ બી. કુરકુટિયા દ્વારા સબંધિત વિષય અનુલક્ષીને વક્તવ્ય આપવામાં આવ્યું. ત્યારબાદ કોલેજના વિદ્યાર્થીઓ માહલા આશાબેન કે., ભરસટ હસુમતીબેન કે., શિંદે જિગ્નેશભાઈ આર., ધોધર નિટેશભાઈ જી., આશાર્યા મુકેશભાઇ બી., દિવા વિજયભાઈ જી. દ્વારા "કોરોના સંક્રમણ અને રસીકરણ" વિષય પર નાટક રજૂ કરવામાં આવ્યું. અંતમાં કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ ગ્રામજનોનો આભાર વ્યક્ત કરી કારાયક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી. આ કાર્યક્રમમાં કુલ 33 જેટલા લોકોએ ભાગ લીધો. સમગ્ર કાર્યક્રમનું આયોજન"કોરોના સંક્રમણ અને રસીકરણ અંગે જનજાગૃતિ" પ્રકલ્પના કોર્ડિનેટર ડો. પ્રફુલ્લભાઈ બી. કુરકુટિયા દ્વારા કોલેજના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

કોર્ડિનેટર

(Dr. P.B. Kurkutia)

આચાર્યશ્રી

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.



**Name of Activity : - Fit India (2 km Running and Cricket match) Programme**
**Date : - 10/2/2022**

# સરકારી વિનયન કોલેજ , કપરાડા , જિ:- વલસાડ

પંચપ્રકલ્પ અંતર્ગત "ફીટ ઇન્ડીયા" કાર્યક્રમ

૨ કિ.મી. દોડ અને ક્રિકેટ મેચ

સરકારી વિનયન કોલેજ
કપરાડા., જી.વલસાડ.
આવક નં. 42
તારીખ 11/02/2022

ગામ:- કપરાડા

તારીખ :-10/02/2022

સરકારી વિનયન કોલેજ , કપરાડા દ્વારા તા:- 10/02/2022 ના રોજ કપરાડા તાલુકાનાકપરાડા ગામમાં પંચપ્રકલ્પ અંતર્ગત "ફીટ ઇન્ડીયા" કાર્યક્રમ (૨ કિ.મી. દોડ અને ક્રિકેટ મેચ)નુંઆયોજન કરવામાં આવ્યું. જેમાં કોલેજના પી.ટી.આઇ.શ્રી સંદિપકુમાર એન.ટંડેલ અને અધ્યાપક શ્રી ડૉ.પી.બી.કુરકુટિયા સાહેબશ્રી ઉપસ્થિત રહ્યા હતા. ૨ કિ.મી.ની દોડમાં ૧૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ભાઇઓમાં પ્રથમ ક્રમ ધુટીયા યોગેશભાઇ એલ. અને દ્વિતીય ક્રમ કાંચરા દિપેશભાઇ આર. અને બહેનોમાં પ્રથમ ક્રમ ભરસટ હસુમતીબેન કે.અને દ્વિતીય ક્રમ માહલા આશાબેન કે. રહ્યા હતા. ત્યારબાદ ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કપરાડા ગામની ટીમ અને કપરાડા કૉલજના વિદ્યાર્થીઓની ટીમે ભાગ લીધો હતો. જેમાં કપરાડા ગામની ટીમ વિજેતા થઇ હતી. વિજેતા થયેલ ખેલાડી અને ટીમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ભવિષ્યમાં પણ આવા પ્રકારના આયોજનમાં તેમનો સાથ સહકાર મળી રહેશે એવુ આશ્વાસન આપવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમાં ૨૨ ખેલાડી ભાઈઓ અને ૪૬ જેટલા કોલેજના વિદ્યાર્થીઓ પ્રેક્ષકો તરીકે હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કૉલેજના પી.ટી.આઇ.શ્રી સંદિપકુમાર એન ટંડેલે કર્યું હતું. આમ રમત ગમતના ક્ષેત્રમાં લોકોમાં જાગૃત્તા ફેલાઇ અને વધુમાં વધુ લોકો આ ક્ષેત્રમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત થાય તેવા હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોર્ડિનેટર

Govt. Arts College-Kaprada * Dist. Valsad *

આચાર્યશ્રી
Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.








## 2 km Running and Cricket match



**Name of Activity** **: - Discussion on Contribution of Freedom Fighters and Biography Programme**
**Date** **: - 15/2/2022**

સરકારી વિનયન કોલેજ , કપરાડા , જિ:- વલસાડ

સરકારી વિનયન કોલેજ
કપરાડા, જી.વલસાડ.
આવક નં. 49
તારીખ 15/02/2022

પંચપ્રકલ્પ અંતર્ગત 'સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાન તેમજ જીવન વિશેની'

ચર્ચા સભા કાર્યક્રમ

ગામ:- દિક્ષલ

તારીખ :-15/02/2022

સરકારી વિનયન કોલેજ , કપરાડા દ્વારા તા:- 15/02/2022 ના રોજ કપરાડા તાલુકાના દિક્ષલ ગામમાં પંચપ્રકલ્પ અંતર્ગત 'સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાન તેમજ જીવન વિશેની ચર્ચા સભા' અંગેનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમનું આયોજન પ્રાથમિક કેંદ્ર શાળા દિક્ષલ પરિસરમાં કરવામાં આવ્યું. જેમાં કોલેજના અધ્યાપક શ્રી અનિષભાઇ સી.ગામીત દ્વારા ગાંધીજીનાં જીવન વિશે, ગાંધીજીની બાલ્યા અવસ્થા, શિક્ષણ, દક્ષિણ આફ્રિકામાં કરેલ આંદોલન તેમજ ભારતની આઝાદી માટેના આંદોલન અને યોગદાન ની ચર્ચા ઉપરાંત સરદાર પટેલનો ભારતની આઝાદી માટે ભારતના 562 દેશી રાજા રજવાડાના વિલિનીકરણ અંગેની વાત કરી. શ્રી રમેશભાઇ જાદવ દ્વારા સબંધિત વિષય અનુલક્ષીને ભારતની આઝાદીમાં આદિવાસી આંદોલનોનું યોગદાન જેમાં ભીલઆંદોલન, સંથાલઆંદોલન, બિરસા મુંડા આંદોલન વિશે ચર્ચા કરવામાં આવી. આ કાર્યક્રમમાં દિક્ષલ પ્રાથમિક શાળાના શિક્ષકશ્રી દિપકભાઇએ ગાંધી જીવન અને ગાંધીજીનું હિંદછોડો ચળવળ અંગેની ઝાંખી કરાવી. આ કાર્યક્રમમાં ગ્રામપંચાયત સભ્યો, દિક્ષલ પ્રાથમિક શાળાના શિક્ષકો અને ગામલોકો મળી કુલ 40 જેટલા લોકોએ ભાગ લીધો. સમગ્ર કાર્યક્રમનું આયોજન 'સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાન તેમજ જીવન વિશેના' પ્રકલ્પના કોર્ડિનેટર શ્રી અનિષભાઇ દ્વારા કોલેજના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

A. C. GAMIT
કોર્ડિનેટર

Govt. Arts College-Kaprada * Dist. Valsad *

આચાર્યશ્રી
Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.



**Name of Activity : - N.S.S. Annual Special Camp**
**Date : - 23/2/2022 to 01/03/2022**

# સરકારી વિનયન કૉલેજ, કપરાડા

Govt. Arts College-Kaprada * Dist.Valsad *

## એન.એસ.એસ. વાર્ષિક ખાસ શિબિર અહેવાલ

### શૈક્ષણિક વર્ષ - ૨૦૨૧/૨૨

સરકારી વિનયન કોલેજ, કપરાડાના એન.એસ.એસ. વિભાગ દ્વારા સાત દિવસીય એન.એસ.એસ. વાર્ષિક ખાસ શિબિરનું આયોજન કપરાડા તાલુકાના ચાવશાળા ગામ મુકામે કરવામાં આવ્યો હતો. જેમા રાત્રી રોકાણની વ્યવસ્થા પ્રાથમિક શાળા ચાવશાળા મુકામે કરવામાં આવી હતી. તા.૨૩.૦૨.૨૦૨૨ના રોજ બપોરના સમયે કોલેજથી પ્રાથમિક શાળા, ચાવશાળા ખાતે પ્રસ્થાન કર્યું હતું. રોકાણના સ્થળે પહોંચી સ્વયંસેવકોએ પોતાના આવાસની સાફ-સાફાઇ કરી હતી. ત્યારબાદ સાંજના સમયે સ્વયંસેવકોએ રમતની મજા માણી હતી. રમત બાદ રાત્રીના ભોજનની તૈયારીમાં કેટલાક સ્વયંસેવકો જોતરાયા હતા. ભોજન બાદ ટુંકડીની વહેચણી, આગળના દિવસનું આયોજન પ્રમાણેનું કાર્ય સુવ્યવસ્થિત રીતે થાય તેના સુચનો આપવામાં આવ્યા હતા. સંપૂર્ણ શિબિર દરમિયાન સાત દિવસના દૈનિક આયોજન પ્રમાણે કાર્ય થાય એ સુનિશ્ચિત કરવા સ્વયંસેવકોને આગ્રહ કરવામાં આવ્યો હતો. સાત દિવસીય એન.એસ.એસ. વાર્ષિક ખાસ શિબિરનું આયોજન ડૉ. ડી.એન.દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ કૉલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી સંદિપકુમાર એન. ટંડેલની આગેવાનીમાં કરવામાં આવ્યો હતો અને અધ્યાપકોશ્રી અનિષભાઇ સી. ગામિત એન રમેશભાઇ સી.જાદવ સાહેબો પણ આ સંપૂર્ણ શિબિરમાં પોતાની ફરજ બજાવી હતી.

તા.૨૪.૦૨.૨૦૨૨ના રોજ પ્રાતઃ કાર્ય બાદ સવારની પ્રાર્થના બાદ શારીરિક કસરત, નાસ્તોકરી શ્રમ કાર્ય માટે બધા ભેગા થયા. ઉદ્‌ઘાટન કાર્યક્રમ હોવાથી શ્રમકાર્ય શાળા પરિસરમાં જ કરવામાં આવ્યું હતું. બધા સ્વયંસેવકોએ પોતાની ટુંકડી પ્રમાણે સોપવામાં આવેલ કામગીરી કરી હતી. ત્યારબાદ ઉદ્‌ઘાટન કાર્યક્રમની તૈયારીમાં બધા જોતરાઇ ગયા હતા. લગભગ ૧૧.૧૫ કલાકે કાર્યક્રમની શરૂઆત થઇ જેમાં મુખ્ય ઉદ્‌ઘાટકશ્રી તરીકે અમારી કૉલેજના આચાર્યશ્રી ડૉ.ડી.એન.દેવરી સાહેબ હાજર રહ્યા હતા. તેમજ આમંત્રિત ચાવશાળા ગામના સરપંચશ્રી સારિકાબેન અને પ્રાથમિક શાળા, ચાવશાળાના મુખ્ય શિક્ષકશ્રી હિરલબેન પટેલ, કૉલેજના અધ્યાપીકા શ્રીમતી કિન્નરીબેન પટેલ તેમજ શાળાના સંપૂર્ણ સ્ટાફ અને ગામના અગ્રણીઓએ પોતાની હાજરી નોંધાવી હતી. કોલેજના આચાર્યશ્રી અને શાળાના મુખ્ય શિક્ષકશ્રી દ્વારા પ્રાસંગોચિત ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. પ્રો.ઓ.શ્રી સંદિપકુમાર ટંડેલ સાહેબ દ્વારા એન.એસ.એસ. વિષે ટૂંકી માહિતી આપવામાં આવી હતી. ઉદ્‌ઘાટન કાર્યક્રમનું કુશળ સંચાલન કોલેજના અધ્યાપકશ્રી અનિષભાઇ ગામિતે કર્યું હતું. બપોરના ભોજન બાદ વિરામ પછી સાંજના સમયે સ્વયંસેવકોએ ગામના યુવાનો સાથે રમત-ગમતની પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો.મોડી સાંજે સ્વયંસેવકો દ્વારા દૈનિક આયોજન પ્રમાણે ટુંકડી પ્રમાણે

પોતાનો તે દિવસનો અનુભવ રજુ કર્યા બાદ ભોજન લઇ સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારીમાં બધા પોરવાઇ ગયા હતા.

તા. ૨૫.૦૨.૨૦૨૨ના રોજ નિત્ય ક્રમ બાદ શ્રમકાર્ય માટે બધા નજીકની આશ્રમશાળા ચાવશાળાની મુલાકાતે ગયા હતા. જેમાં કૉલેજના અધ્યાપીકા શ્રીમતી ડૉ.મેઘનાબને ધારણે પણ જોડાયા હતા. જ્યાં આશ્રમશાળાના પરિસરની સફાઇ સ્વયંસેવકો દ્વારા કરવામાં આવી હતી. સાફ-સફાઇ બાદ વ્યસન મુક્તિ કાર્યક્રમનું આયોજન આશ્રમશાળા ચાવશાળા ખાતે જ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા વ્યસનથી થતા રોગો, ધુમ્રપાનની અસરોઅને તેનાથી સમાજ પર થતી અસરોથી ઉપસ્થિત તમામને માહિતગાર કરવામાં આવ્યા હતા. જેમાં શાળામાં અભ્યાય કરતા ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ અને આમંત્રણથી પધારે ગામના લોકોએ હાજરી આપી હતી. તેમજ કૉલેજના અધ્યાપકશ્રી મનોજભાઇ પટેલ પણ હાજર રહ્યા હતા. બપોર પછીના સમયે શાળામાં કિચન ગાર્ડન બનાવવા માટે સ્વયંસેવકોએ ઇંટના રોડા, માટી, રેટી અને છાણનું મિશ્રણ બનાવી પ્લાસ્ટિકની બેગો તૈયાર કરવામાં મદદ કરી હતી. ત્યારબાદ દૈનિક આયોજન પ્રમાણે પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

તા. ૨૬૦૨.૨૦૨૨ના દિને વહેલી સવારે સ્વયંસેવકોને ટ્રેકીંગ માટે લઇ ગયા હતા. જ્યાં સહ્યાદ્રીની ગીરીમાળામાં સુંદર શિવજીનું મંદિર આવેલું હતું. ટ્રેકીંગ માંથી પાછા આવીને નાસ્તો કર્યા બાદ શ્રમકાર્ય માટે બધા શિવરાત્રીના પર્વ નિમિત્તે મેળા માટે નજીકમાં આવે શિવજીના મંદિરના પરિસરની સાફ-સફાઇ કરી હતી.
અમારી સાથે કૉલેજના ઇતિહાસ વિભાગના અધ્યાપકશ્રી દિપકકુમાર પટેલ સાહેબ પણ જોડાયા હતા.ત્યારબાદ ત્યાના સ્થાનિક ગોપીનાથભાઇએ તે સ્થળનો ઇતિહાસ જણાવ્યો હતો. સ્વયંસેવકોએ નજીકમાં આવેલ ધોધની મુલાકાત લીધી હતી અને પ્રા. ડી.વી.પટેલ સાહેબશ્રી દ્વારા ત્યાની ભૌગૌલિક પરિસ્થિતી વિષે સ્વયંસેવકોને માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ નિવાસ સ્થળે આવી ભોજન લીધા બાદ સ્વયંસેવકોએ શાળાના ધોરણ ૧ અને ૨ના વર્ગમાં જઇ બાળકો સાથે શિક્ષણ કાર્ય, રમત અને અભિનય ગીત જેવી પ્રવૃત્તિઓ કરી હતી.

તા.૨૭.૦૨.૨૦૨૨ના દિને શ્રમ કાર્ય માટે નજીકમાં આવેલ દિક્ષલ ગામના સહ્યાદ્રી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નવનિર્મિત ક્રિકેટ મેદાનની સ્વચ્છતા માટે ગયા હતા. જ્યાં સ્વયંસેવકોએ મેદાનમાં થઇ રહેલ બાધકામની સામગ્રીને વ્યવસ્થિત જગ્યાએ ગાઠવી હતી અને મેદાનની આજુબાજુની જગ્યા અને ખેલાડીઓ માટેના પેવેલિયની સાફ-સાફાઇ કરી હતી. કૉલેજના અધ્યાપીકા શ્રીમતી ચંદનબેન ચવધરીએ હાજરી આપી હતી. ત્યારબાદ સ્વયંસેવક બહેનોની બે ટીમો પાડી ક્રિકેટ મેચનું તેમજ સ્વયંસેવક ભાઇઓ એન ગામના યુવાનો ભેગા મળીને બે ટીમો બનાવી ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. બધા સ્વયંસેવકોએ ક્રિકેટ મેચની ખુબ મજા માણી હતી. બપોરના ભોજન બાદ સ્વયંસેવકોની બે ટુંકડી નજીકના શિવ મંદિરમાં

Govt. Arts College-Kaprada * Dist.Valsad

સ્વયંસેવકોની બીજી બે ટુંકડી શિવરાત્રીના પર્વ નિમિતે ભોજનની તૈયાર માટે ગામજનોની મદદે ગયા હતા. સ્વયંસેવકોની બીજી બે ટુંકડી ગામમાં સર્વે માટે ગયા હતા અને ૨૮.૦૨.૨૦૨૨ના રોજ રાખવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે બધાને આમંત્રણ પણ પાઠવ્યા હતા.

તા. ૨૮.૦૨.૨૦૨૨ના દિને પ્રાતઃકાર્ય બાદ શ્રમકાર્ય માટે શાળાના મકાનની બહારની બાજુની સફાઇ કરવામાં આવી હતી. જેમાં શાળાની બાજુ માંથી પસાર થતા મુખ્ય રસ્તા, શાળા મકાનની પાછળની બાજુની સ્વચ્છતા અને હાઇવે થી શાળા તરફ આવતા મુખ્ય રસ્તાની સફાઇ કરવામાં આવી હતી. બપોરના ભોજન માટે પ્રાથમિક શાળા દ્વારા આયોજીત વનભોજનમાં શિબિરમાં સામેલ તમામ લોકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. બધા સ્વયંસેવકોએશાળાના બાળકો સાથે મળીને રમત, ડાન્સ અને ગરબાની મજા માણી હતી. ત્યારબાદ ભોજન લઇને બધા છુટા પડ્યા હતા. નિવાસ સ્થળે આવી બધા સાંજના સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારીમાં જોતરાઇ ગયા હતા. રાત્રીના ૭:30 જેટલા કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રી ડૉ.ડી.એન.દેવરી સાહેબે વિષેશ હાજરી આપી હતી. ઉપરાંત ગામના ભૂતપૂર્વ સરપંચશ્રી મંગળુભાઇ અને ગામજનો  અને બાળકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં દરેક ટુંકડીઓએ પોતાની કૃતિઓ રજુ કરી હતી. જેમાં નાટક, દેશભક્તિ ગીત, મરાઠી નૃત્ય, મને ઓળખો જેવી વિવિધ કૃતિઓ સ્વયંસેવકો દ્વારા રજુ કરવામાં આવી હતી. પધારેલ દરેકે કાર્યક્રમની ખુબ મજા માણી હતી. આચાર્યશ્રીએ દરેકને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

તા.૦૧.03.૨૦૨૨ના રોજ નિત્ય કાર્ય બાદ યોગા કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ચા-નાસ્તો કરી બધા પૂર્ણાહૂતી કાર્યક્રમની તૈયારીમાં જોડાય ગયા હતા. લગભગ સવારે ૧૦:૦૦ કલાકે કાર્યક્રમની શરૂઆત થઇ હતી. કાર્યક્રમમાં અમારી સંસ્થાના હિન્દી વિભાગના અધ્યક્ષ અને સિનિયર અધ્યાપકશ્રી ડૉ. પી.બી. કુરકુટિયા સાહેબ હાજર રહ્યા હતા. તેમજ ગામના અગ્રણી એવા પ્રકાશભાઇ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી ત્યારબાદ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી સંદિપકુમાર ટંડેલ સાહેબ દ્વારા સાત દિવસના શિબિર દરમિયાન કરવામાં આવેલ કામગીરીનો અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. શિબિરાર્થીઓએ પણ પોતાના પ્રતિભાવ આપ્યા હતા. અંતમાં ડૉ. પી.બી.કુરકુટિયા સાહેબે શિબિરના સ્વયંસેવકોને આવી શિબિર દ્વારા પોતાનામાં રહેલી સુશુપ્ત શક્તિ, સમુહ જીવનની ભાવના, વ્યક્તિત્વ વિકાસજેવા ગુણો કેળવી જીવનની દરેક મુશ્કેલીઓના સામનો કરી આગળ વધતા રહેવાનું સુચન કર્યું હતું.તેમજ શિબિરના સફળતા માટે એન.એસ.એસ. વિભાગને ખૂબ ખૂબ અભિનંદન પાથવ્યા હતા. આ સમ્રર્ગ કાર્યક્રમનું સંચાલન કોલેજના અધ્યાપકશ્રી અનિષભાઇ ગામિતે કર્યું હતું. એન.એસ.એસ. ગીત ગાયને કાર્યક્રમની પૂર્ણ  જાહેર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સર્વ શિબિરાર્થીઓ અને પધારેલ મહેમાનશ્રીએ ભોજન લઇ  બપોરે ૦૧:30 કલાકે પ્રાથમિક શાળા, ચાવશાળાથી પ્રસ્થાન કરી કોલેજ પર પહોચ્યા હતા. ત્યારબાદ બધા પોત-પોતાના મુકામ ખાતે રવાના થયા હતા.

N.S.S. Programme Officer
Govt. Arts College, Kaparada,
Ta. Kaparada, Dist. Valsad

Govt. Arts College-Kaparada

Principal,
Govt. Arts College Kaprada





## N.S.S. Annual Special Camp at Chavshaala, Kaparada











Vapi Page - 2

Friday 04, March 2022

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

...થ મહાદેવ
...વ ઉજવાયો

...જવણી કરવામાં આવી હતી.
આ નિમિત્તે ૩૦ જોડાઓએ
...હાયગ્નમાં ભાગ લીધો હતો
...મજ સેકડોની સંખ્યામાં

## કપરાડાની સરકારી વિનયન કોલેજ એન.એસ.એસ. દ્વારા
# ચાવશાળામાં વાર્ષિક શિબિર યોજાઈ

(દ.ગં.ટા. પ્રતિનિધિ)

કપરાડા, તા.૩ : કપરાડા તાલુકા મથકે આવેલ સરકારી વિનયન કોલેજ, એન.એસ.એસ. વિભાગ દ્વારા કપરાડા તાલુકાના ચાવંશાળા ગામ ખાતે સાત દિવસીય એન.એસ.એસ.વાર્ષિક ખાસ શિબિરનું આયોજન તા. ૨૩.૦૨.૨૦૨૨ થી ૦૧.૦૩.૨૦૨૨ સુધી કરવામાં આવ્યું હતું. રાત્રી રોકાણની વ્યવસ્થા પ્રાથમિક શાળા ચાવશાળા મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના સ્વયંસેવકો દ્વારા શ્રમ કાર્ય, સ્વચ્છતાના કામો, ગામનો સર્વે, બૌદ્ધિક વ્યાખ્યાન, વ્યસન મુક્તિ કાર્યક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમ, નજીકના સ્થળોની મુલાકાત, સમુહજીવન, રમત-ગમતની પ્રવૃત્તિઓ, યોગા, ટ્રેકિંગ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં લીડરશીપના ગુણો, સમાજ સેવાની ભાવના, લોક સંપર્ક દ્વારા સમાજજીવનની સમજૂતી કેળવાય, સુષુપ્ત શક્તિ બહાર લાવવી અને સમાજમાં એક ઉત્કૃષ્ટ નાગરિક બની પોતાના સમાજ અને રાષ્ટ્રને ઉન્નતિના પથ પર આગળ ધપાવે એવા જાગૃત્ત નાગરિક બને એ એન.એસ.એસ. (શિબિર) પ્રવૃત્તિનો મુખ્ય હેતુ છે. આ સંપૂર્ણ કાર્યક્રમ સંસ્થાના આચાર્ય ડૉ. ડી.એન. દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ કૉલેજના એન.એસ.એસ. પ્રોગામ ઓફિસર સંદિપકુમાર એન. ટંડેલ સાહેબની આગેવાનીમાં યોજવામાં આવ્યો હતો